# ॐ अर्हं नमः મંત્રનો જાપ અને તેનું માહાત્મ્ય

એક રાજા અને એક રંક, એક સુખી અને એક દુઃખી, એક રોગી અને એક નિરોગી–આવી વિવિધતાઓ વિશ્વમાં આપણી નજરે પડે છે, તેનું ખરું કારણ પુન્ય અને પાપ છે. પુન્યથી જીવો સુખી થાય છે અને પાપથી જીવો દુઃખી થાય છે.

વિશ્વમાં કાર્યકારણના નિયમો અચળ છે. કારણ વિના કાર્ય થતું નથી. સુખ–દુઃખ ઉત્પન્ન થવાનાં કાર્યો તેના કારણની અપેક્ષા રાખે છે. કારણ પહેલું અને કાર્ય પછી. આ નિયમાનુસાર અત્યારની મનુષ્યની સ્થિતિ પૂર્વનાં કર્માનુસાર બનેલી છે.

ધનાદિ અનુકૂળ સાધનોની પ્રાપ્તિમાં પુરુષાર્થની સાથે પુન્યપ્રકૃતિ હોય તો જ મનુષ્યો સફળતા પામે છે. પરમાર્થ અને પરોપકારનાં કાર્યોથી જીવો પુન્ય ઉપાર્જન કરે છે. મન–વચન–શરીર અને ધનાદિથી સદુપયોગ કરવાથી પુન્ય બંધાય છે અને તેથી જીવો સુખી થાય છે. પરમાત્માનું સ્મરણ કરવાથી આત્મા નિર્મળ થાય છે અને વિશેષ પ્રકારે પુન્ય બંધાય છે. જીવ ઉત્તરોત્તર આગળ વધે છે.

પરમાત્માના નામનું સ્મરણ ગરીબ અને ધનાઢ્ય, બાળ, યુવાન અને વૃદ્ધ, સુખી અને દુઃખી–દરેક જીવો કરી શકે છે. જેને વખત ઓછો મળતો હોય તેવાઓ હાલતાં, ચાલતાં, સૂતાં, બેસતાં અને કામકાજ કરતાં પણ પ્રભુસ્મરણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરી શકે છે. વસ્ત્ર કે શરીરની શુદ્ધિ ન હોય તો પણ હોઠ ન ચાલે તેમ મનમાં જાપ કરવામાં વાંધો નથી. ચાલવાનું કામ પગનું છે, તે વખતે પણ મનને જાપના કામમાં જોડવામાં આવે તો જાપ થઈ શકે છે. જ્યારે રેલ્વેમાં કે વાહનમાં મુસાફરી કરતા હો ત્યારે પણ તમે ત્યાં બેઠા બેઠા મનમાં જાપ કરી શકો છો. પથારીમાં સુતાં સુતાં પણ જ્યાં સુધી નિદ્રા ન આવે ત્યાં સુધી જાપ કરી શકાય છે અને તે જાપ કરતાં નિદ્રા આવી જાય તો સ્વપ્ન પણ સારાં આવે છે. મતલબ કે–ગમે તે વખતે અને ગમે તે સ્થાને અશુચિ-સ્થાન વર્જીને જાપ કરવામાં વાંધો નથી.

મનુષ્યોનું આયુષ્ય ગમે તે પ્રકારે પૂરું થવાનું છે, પણ પોતાના જીવનમાં એકાદ મહત્ત્વનું કાર્ય કર્યું હોય તો ભાવી જીંદગી સુખી બને છે.

વ્યવહારના કોઇ પણ કાર્ય કરતાં પરમાત્માનું નામ ન ભૂલાય, કાર્ય પૂરું થાય કે તરત પ્રભુનું નામ યાદ આવે અને સ્વપ્નદશામાં પણ પરમાત્માનું સ્મરણ ચાલુ રહે, આટલી સ્થિતિ મનુષ્યો આ જીવનમાં પ્રાપ્ત કરે, તો તેણે મનુષ્યજીવનમાં સારી કમાણી કરી ગણાય અને તેનો જન્મ સફલ થયો કહેવાય.

જાપ અનેક પ્રકારના છે, પણ જે જાપ કરવામાં પોતાનું સાધ્ય સ્મરણમાં રહે, રોમેરોમમાં પોતાનું લક્ષ પરિણમી રહે, તે જાપ ઉત્તમ છે. આવો જાપ 'ॐ अर्हं नमः'– આ પાંચ અક્ષરનો છે. આનો અર્થ આ પ્રમાણે છે—

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ૐકારમાં પંચપરમેષ્ઠિનો સમાવેશ થાય છે. પંચપરમેષ્ઠિ એ આત્માના શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિની ભૂમિકા છે. તે દરેકનો પ્રથમ અક્ષર લઈને ૐકાર બનેલો છે.

અરિહંત, અશરીરી, આચાર્ય, ઉપાધ્યાય અને મુનિ, –આ પાંચ ભૂમિકા છે.

આત્માનું શુદ્ધ પૂર્ણસ્વરૂપ તે અશરીરી સિદ્ધ પરમાત્મા છે. તેને દેહાતીત, પૂર્ણબ્રહ્મ, બ્રહ્મસ્વરૂપ, સિદ્ધ, અજર, અમર, અવિનાશી ઇત્યાદિ અનેક નામોથી બોલાવાય છે. આની અંદર નિર્વાણ પામેલા–મોક્ષે ગયેલા દરેક આત્માનો સમાવેશ થાય છે. ૧.

અરિહંત એ દેહમાં રહેલ પૂર્ણસ્વરૂપ પરમાત્માનું નામ છે અને દેહનો ત્યાગ કરતાં તે સિદ્ધ પરમાત્મા ગણાય છે. આની અંદર દરેક પૂર્ણજ્ઞાની, કેવળજ્ઞાની શ્રી તીર્થંકર આદિનો સમાવેશ થાય છે. ૨.

આચાર્યની અંદર પ્રભુમાર્ગના રક્ષક, પોષક, સંદેશવાહક, સત્ય વસ્તુના પ્રતિપાદક, સમુદાયના સ્વામી અને પૂર્ણતા મેળવવા પ્રયત્ન કરનારનો સમાવેશ થાય છે. ૩.

ઉપાધ્યાયની અંદર મૂળ વસ્તુતત્ત્વના પ્રતિપાદક, અનેક જીવોને જાગૃતિ આપનાર ઉચ્ચ કોટિના સાધકોનો સમાવેશ થાય છે. ૪.

મુનિઓની અંદર જેઓને બોધિબીજની પ્રાપ્તિ થઈ છે, તે પછીના સર્વસ્વ ત્યાગી, વૈરાગી તથા સ્વરૂપમાં રમણતા કરનારા સ્વપર ઉપકારી સર્વ સાધુવર્ગનો સમાવેશ થાય છે. ૫.

Jain Education International          For Private & Personal Use Only          www.jainelibrary.org

આ સર્વના પ્રથમ અક્ષર अ, अ, आ, उ, म् થી ओंकार બનેલો છે. વ્યાકરણના નિયમ પ્રમાણે પાંચેય અક્ષર મળીને ओं થાય છે.

'अर्हं' એ અક્ષરો પરમેશ્વરસ્વરૂપ પરમેષ્ઠિપદના વાચક છે, શ્રી સિદ્ધચક્રનું આદિ બીજ છે, સર્વ શાસ્ત્રોનું રહસ્યભૂત છે, સર્વ વિઘ્નસમૂહોનો નાશ કરનાર છે અને સર્વ દૃષ્ટ એવાં જે રાજ્યસુખાદિ તથા અદૃષ્ટ એવાં જે સ્વર્ગસુખાદિ ફળને આપવા માટે તેનો જાપ કરનારને કલ્પદ્રુમ સમાન છે.

'ॐ' એ સર્વ મંત્રપદોમાં આદ્ય પદ છે અને સર્વ વર્ણોનો આદિજનક છે. એનું સ્વરૂપ અનાદ્યનંત ગુણયુક્ત છે. શબ્દસૃષ્ટિનું એ મૂળ બીજ છે, જ્ઞાનરૂપ જ્યોતિનું એ કેન્દ્ર છે, અનાહત નાદનો એ પ્રતિઘોષ છે, પરબ્રહ્મનો એ દ્યોતક છે અને પરમેષ્ઠિનો એ વાચક છે. સર્વ દર્શનો અને સર્વ તંત્રોમાં એ સમાનભાવે વ્યાપક છે અને યોગીજનોનો એ આરાધ્યવિભુ છે. સકામ ઉપાસકોને એ કામિત ફળ આપે છે અને નિષ્કામ ઉપાસકોને આધ્યાત્મિક ફળ આપે છે. હૃદયના ધબકારાઓની માફક એ નિરંતર યોગીઓના હૃદયમાં સ્ફુર્યા કરે છે. નીચેનો શ્લોક એના સ્થૂલ સ્વરૂપનું યથાર્થ વર્ણન કરે છે.

" ॐकारबिन्दुसंयुक्तं, नित्यं ध्यायन्ति योगिनः ।
कामदं मोक्षदं चैव, ॐकाराय नमो नमः ॥ "

'બિન્દુ સંયુક્ત ॐ છે તે સર્વ ઇચ્છિતને તથા મોક્ષને આપનારો છે, તેથી યોગીઓ નિત્ય એનું જ ધ્યાન કરે છે અને એને જ નમસ્કાર કર્યા કરે છે.'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अर्हं શબ્દ એ પરમાત્માનું નામ છે. अर्हं એટલે લાયક વિશ્વમાં જે લાયકમાં લાયક તત્ત્વ છે તે अर्हं છે. જેની આગળ વિશેષ લાયકાત બીજા કોઇની ન હોય તેને સૂચવનારો શબ્દ अर्हं છે, તેમજ અર્હં શબ્દ એ સિદ્ધચક્રનો બીજમંત્ર છે. સિદ્ધસમુદાય તે સિદ્ધચક્ર છે, જેમાં વિશ્વના તત્ત્વરૂપ દેવ, ગુરુ અને ધર્મ–એ ત્રણેય તત્ત્વોનો સમાવેશ થાય છે.

અરિહંત અને સિદ્ધ–એ બેની અંદર દેવનો સમાવેશ થાય છે, આચાર્ય, ઉપાધ્યાય અને મુનિઓનો ગુરુવર્ગમાં સમાવેશ થાય છે અને દર્શન, જ્ઞાન, ચારિત્ર તથા તપ–એ ચારનો ધર્મમાં સમાવેશ થાય છે. આત્માનું શુદ્ધ સ્વરૂપ પ્રગટ થવાના સાધનો તે ધર્મ છે. આત્માદિ વસ્તુનો બોધ તે જ્ઞાન છે. તેની દૃઢ શ્રદ્ધા તે દર્શન છે. જ્ઞાન અને શ્રદ્ધા પ્રમાણે વર્તન કરવું તે ચારિત્ર છે. સર્વ ઇચ્છાઓનો નિરોધ કરવો તે તપ છે. આ ચારને ધર્મ કહેવામાં આવે છે. ઉપરના પાંચ પરમેષ્ઠિ સાથે એ ચારને મેળવતાં નવ થાય છે. એ નવના સમુદાયને સિદ્ધચક્ર કહે છે. તે નવનો વાચક શબ્દ अर्हं શબ્દ બીજરૂપ હોવાથી તેમાં શ્રી સિદ્ધચક્રનો સમાવેશ થાય છે. આ દેવ, ગુરુ અને ધર્મ એ આત્માની ચડતી ભૂમિકાઓ છે. તેનું લક્ષ રાખી જાપ કરવો તે આત્માનો શબ્દરૂપે જાપ કરવા બરાબર છે. તે 'ॐ अर्हं नमः' આ જાપ છે. આ જાપ ગંભીર શબ્દવાળો છે. આ મંત્રના ક્રોડો જાપ કરવા જોઈએ. જાપ કરવાથી હલકા વિચારો આપણી આગળ આવતા નથી અને મન બીજે ભટકી પાપ બાંધતું બંધ થાય છે, ૐકારના જાપથી આપણી તરફ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પવિત્ર પરમાણુઓ ખેંચાઈ આવે છે, આપણી આજુબાજુનું વાતાવરણ પવિત્ર થાય છે, મન-શરીરાદિના પરમાણુઓ પવિત્ર બને છે, સંકલ્પો શુદ્ધ થાય છે, પાપ ઘટે છે, પ્રભુના માર્ગમાં આગળ વધવાના અધિકારી થઈએ છીએ, લોકપ્રિય થવાય છે, વ્યવહારની મુંઝવણ ઓછી થાય છે, તેમજ લાંબા વખતે વચનસિદ્ધિ પણ પ્રાપ્ત થાય છે. આ સર્વ પરમાત્માના નામસ્મરણથી થાય છે.

ટૂંકામાં કહીએ તો મનને પવિત્ર કરી શ્રદ્ધા, ભક્તિ ને સ્થિરતાપૂર્વક આ જાપ જપવાથી કર્મનો ક્ષય થાય છે તથા દરેક મનઃકામના સિદ્ધ થાય છે. અવધિજ્ઞાન જેવા વિશુદ્ધ જ્ઞાન પણ આ જાપથી પ્રગટે છે. આ જાપ સર્વ ગુણોનો બનેલો છે.

કોઈ પણ ધર્મને બાધ ન આવે તેવો આ જાપ છે, કેમકે-કોઈ પણ ધર્મનું આમાં વિશેષ નામ નથી, પણ સામાન્ય નામ છે કે-'**વિશ્વમાં કોઇ પણ લાયકમાં લાયક તત્ત્વ હોય તેને હું નમસ્કાર કરું છું.**' એટલે મહાફળદાયક આ જાપ દરેક મનુષ્યોએ કરવા યોગ્ય છે.

આગળ વધવા ઇચ્છનારને આ જાપ એ પ્રથમ ભૂમિકા છે. આંખો બંધ કરી ભૃકુટિની અંદર ઉપયોગ આપી ઊઘાડી આંખે જેમ જોઈએ તેમ બંધ આંખે અંદર જોવું અને ત્યાં '**ૐ अर्हं नमः**' આ મંત્રનો જાપ કરવો.

જે મનુષ્ય સંયમ અને શ્રદ્ધાપૂર્વક આ મંત્રપદનો યોગ્ય રીતિએ જાપ કરે છે, તેના સર્વ મનોરથ સફલ થાય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org